# બૌદ્ધિક અભ્યાસ

# અને

# સંશોધનનું આયોજન

# તથા

# મહાનિબંધનો સારાંશ

# Declaration

## મૌલિક અભ્યાસ અને સંશોધનનું આવેદન

( STATEMENT OF RESEARCH )

આ મહાનિબંધના "વ્યક્તિપરિચય" નામક પહેલા પ્રકરણને આઠ ખંડોમાં વહેંચી નાખીને મેં એમાં ઠાકોરના જીવનની અગત્યની ઘટનાઓ અને બનાવોને યથાવશ્યક સ્થાનોએ ઉલ્લેખીને ઠાકોરનાં વ્યક્તિત્વ, સ્વભાવ અને વિચારવલણોનો પરિચય આપવાનો પ્રયત્ન કર્યો છે. આપણો તેમ જ પશ્ચિમનો જનસમાજ, કુટુંબસંસ્થા લગ્નસંસ્થા જ્ઞાતિસંસ્થા વગેરે સામાજિક સંસ્થાઓ, સ્ત્રીઓના પ્રશ્નો, સમાજ-સુધારો, રાજકારણ અને રાજપ્રકરણી વ્યક્તિઓ, આપણા દેશનો તથા ઇતર પ્રજાઓનો ઇતિહાસ, આપણા રાષ્ટ્રનો અને આપણા રાષ્ટ્રની વિશાળ જનતાનો ઉત્કર્ષ, ધર્મ, નીતિ, ઇશ્વર, માનવતા-વાદ વગેરે વિષેના ઠાકોરના વિચારોની મેં આ પ્રકરણમાં વિસ્તારથી ચર્ચા કરી છે. પ્રસંગોપાત્ત, મેં ઠાકોરનાં કુટુંબીજનોએ તેમના જીવનમાં ભજવેલા ભાગનો અને ઠાકોરે તેમના જીવનમાં ભજવેલા ભાગનો તેમ જ કાન્ત, ન્હાનાલાલ, ખબરદાર, મ. ન. દ્વિવેદી સાથેના ઠાકોરના સંબંધોનો તેમ જ અન્ય કેટલીક વ્યક્તિઓ પ્રત્યેનાં તેમનાં વલણોનો આ પ્રકરણમાં ખ્યાલ આપ્યો છે. ઠાકોરની સાહિત્યસાધનાનો - વિશેષે તેમની પ્રારંભકાલીન સાહિત્યસાધનાનો અને તે દરમ્યાનના તેમના કાન્ત સાથેના સાહિત્યિક સંપર્કનો પણ મેં પરિચય કરાવ્યો છે. ઠાકોરનાં વિદ્યાર્થીકાલીન વિચારવલણો અને પ્રવૃત્તિઓનો ખ્યાલ આપવા સાથે મેં તેમનાં અનુકાલીન વિચારવલણો અને પ્રવૃત્તિઓનો પણ ખ્યાલ આપ્યો છે; અને એમ કરીને મેં તેમનાં માનસવિકાસ અને જીવનઘડતરનો તથા ભિન્નભિન્ન ક્ષેત્રે તેમણે સિદ્ધ કરેલી અંતિમ સ્થિતિનો તુલનાત્મક ખ્યાલ મળી શકે તે રીતે પ્રસ્તુત વિષયનું આલેખન કર્યું છે. આ માટે મેં ઠાકોરનાં પ્રસિદ્ધ થયેલાં પુસ્તકો અને પુસ્તિકાઓનો, અપ્રસિદ્ધ લેખો વ્યાખ્યાનો અને ટાંચણોનો તેમ જ પત્રો અને ડાયરીઓનો યથાવશ્યક ઉપયોગ કર્યો છે. ઠાકોરના સમગ્ર જીવનને નિરૂપવાનો કે તેમના સર્વાંગી વ્યક્તિત્વને અને સમગ્ર

વિચારવલણોને આલેખવાનો કોઇ પ્રયત્ન હજી સુધી આપણે ત્યાં થયો નથી. આ પ્રકરણમાં મેં પહેલી વાર એવો પ્રયત્ન, જોકે મારા કુલ કાર્યના સંદર્ભમાં મર્યાદિત રૂપે, કર્યો છે. માણસના જીવનની સ્થૂલ બાહ્ય ઘટનાઓનો કેવળ કાલાનુક્રમિક અહેવાલ જાણવા કરતાં તેના અભ્યંતર વ્યક્તિત્વનો અને એ વ્યક્તિત્વને ઘડનારાં તથા પ્રતિરોધનારાં બળોનો પરિચય પામવામાં જ આપણે તેનો ખરો પરિચય મેળવી શકીએ છીએ એવું દૃષ્ટિબિંદુ નજર સામે રાખીને મેં પ્રસ્તુત વિષયની આ પ્રકરણમાં છણાવટ કરી છે. પ્રકરણને અંતે, પ્રતિક્રિયાત્મક વલણોથી ઘડાયેલા ઠાકોરના માનસ ને વ્યક્તિત્વના હાર્દની મેં સંક્ષિપ્ત પણ સારગ્રહી આલોચના પણ આપી છે. ઠાકોરે તેમનાં લખાણો અને વ્યાખ્યાનો દ્વારા જાહેરમાં પોતાની જાતને અભિવ્યક્ત કરવા માંડી, અને એ રીતે તેઓ પ્રકાશમાં આવવા લાગ્યા, અને તે અન્વયે તેમના વ્યક્તિસંબંધોનું તથા પ્રવૃત્તિઓનું ક્ષેત્ર બહોળું બનતું ગયું તે પછી તેમના વ્યક્તિત્વના, સ્વભાવના, "વિચારવ્યૂહો"ના મુખ્યમુખ્ય અંશોથી પરિચિત થવા માટેનાં ઠીકઠીક સાધનો આજે પ્રકાશમાં આવી ગયેલાં છે તેમ જ ઘણા લોકો આજે એ અંશોથી સારી એવી રીતે પરિચિત પણ છે; છતાં જુદાજુદા વિષયોને લગતી તેમની વિચારણાઓ અને પ્રવૃત્તિઓ વિષેની ઘણી વીગતોને મેં તેમના પત્રોને આધારે પહેલી વાર અહીં પ્રકાશમાં મૂકી છે; વળી, તેમની ડાયરીઓને આધારે, તેમના વિદ્યાર્થીકાળને લગતી વીગતોને પ્રથમવાર પ્રકાશમાં આણવાનું અહીં મારે માટે શક્ય બન્યું છે.

"<u>વિવેચન"નામક બીજા પ્રકરણમાં</u> મેં ઠાકોરના વિવેચન-સિદ્ધાંતોની ચર્ચા કરી છે. ઠાકોરે ચર્ચેલા મુદ્દાઓમાંથી જે મુદ્દાઓનો અને જે બીજા આનુષંગિક મુદ્દાઓનો ઠાકોરના પુરોગામીઓએ વિચાર કર્યો હોય તેના વિશેષોલ્લેખ સહિત એ પુરોગામીઓનાં વિવેચના-વિષયક મુખ્યમુખ્ય દૃષ્ટિબિંદુઓનો સંક્ષિપ્ત ખ્યાલ મેં ભૂમિકારૂપે

પ્રકરણના પ્રથમ ખંડમાં આપ્યો છે. બીજા ખંડમાં મેં ઠાકોરનાં તેમની વિવેચનાપ્રવૃત્તિ વિષેનાં અને સર્વસામાન્ય વિવેચનાપ્રવૃત્તિ વિષેનાં ધોરણોની અને આશયોની વીગતે ચર્ચા કરી છે; આ વિષયની ચર્ચા આપણે ત્યાં હજી કોઇએ કરી નથી. "લિરિક" (પૃ. ૯) અને "નવીન કવિતા વિષે વ્યાખ્યાનો" (પૃ. ૧-૨)માં ઠાકોરે કાવ્ય માટે આવશ્યક ગણાય તેવાં લક્ષણોની સૂચિ આપી છે. એ બધાં લક્ષણોની કે એ બધાંમાંના કોઇ એકની યે સંપૂર્ણ તલસ્પર્શી સર્વગ્રાહી છણાવટ ખુદ ઠાકોરે પણ કોઇ એક જ સ્થળે કરી નથી. મેં પ્રસ્તુત પ્રકરણના ત્રીજા ખંડમાં એ લક્ષણોની એવી ચર્ચા કરી છે; ઠાકોરની તદ્વિષયક વિભાવનાઓની સમીક્ષા કરી છે; એ લક્ષણોનાં પાશ્ચાત્યમીમાંસાગત મૂલસ્થાનોનો પૂરતી આલોચના સહિત નિર્દેશ કર્યો છે. ઠાકોરની વિવેચનાને અનુલક્ષીને આ કાર્ય આપણા સાહિત્યમાં અહીં પ્રથમ વાર થયું છે એમ હું માનું છું. કાવ્યમાં ઊર્મિના સ્થાન વિષેના ઠાકોરના વિચારોની, એ વિચારોને પ્રેરનારાં બળોની, બીજા કેટલાક આનુષંગિક મુદ્દાઓની, "ઊર્મિવત્તા" વિષયક ઠાકોરની વિભાવનાની તેમ જ કાવ્યમાં ઊર્મિતત્ત્વ અને વિચારતત્ત્વની સંપ્રયોજના વિષે ઠાકોરને અભિમત હોય તેવા મંતવ્યની મેં પ્રકરણના ચોથા ખંડમાં ઊર્મિવિષયક કેટલાંક અભિનવ દૃષ્ટિબિંદુઓના અનુલક્ષમાં જે ચર્ચા કરી છે તેવી ચર્ચા પણ આપણે ત્યાં અન્યત્ર થયેલી નથી. પ્રકરણના પાંચમા ખંડમાં મેં કાવ્યગત વિચારપ્રધાનતા અને અર્થઘનતા વિષેના ઠાકોરના વિચારોની, બીજા કેટલાક સંબદ્ધ મુદ્દાઓને ધ્યાનમાં લઇને, છણાવટ કરી છે. ઠાકોરની એ તદ્વિષયક માન્યતાને એના યથાર્થ સ્વરૂપમાં તલસ્પર્શી રીતે તપાસવાનો, એ માન્યતાનાં પાશ્ચાત્ય સાહિત્યમીમાંસાગત સર્વ મૂલસ્થાનોને તપાસવાનો અને એ મૂલસ્થાનોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે ઠાકોરના મંતવ્યની તુલના કરવાનો

પ્રયાસ આપણે ત્યાં થયો નથી ; ખુદ ઠાકોરે પણ પોતાના એતદ્વિષયક વાદને કોઇ પણ એક સ્થળે સંપૂર્ણ તલાવગાહી રૂપે, તમામ સાધકબાધક દલીલો સહિત નિ:શેષ સવિસ્તરતાએ ચર્ચ્યો નથી. એ તપાસ, તુલના અને ચર્ચાનું કામ મેં પ્રસ્તુત ખંડમાં યથાશક્તિ કર્યું છે. કાવ્યગત વિચારતત્ત્વનું સ્વરૂપ, કવિતાનું માધ્યમ અને વિચારતત્ત્વ, કાવ્યનાં વિચારેતર કે અર્થેતર ઘટક-તત્ત્વો અને વિચારતત્ત્વ, કવિનો સર્જનવ્યાપાર અને વિચારતત્ત્વ, કાવ્યાસ્વાદન તથા કાવ્યની ભાવકચિત્તમાં થતી અસર અને વિચારતત્ત્વ, વિચારતત્ત્વના આલેખનની દૃષ્ટિએ સાહિત્યના કવિતાસ્વરૂપ અને અન્ય સાહિત્યસ્વરૂપોની તુલના, કવિતામાં "જ્ઞાન" "ફિલસૂફી" "સત્ય" "દર્શન" "ભાવના"નું નિરૂપણ કે મૂર્તીકરણ અને વિચારતત્ત્વ.... વગેરે શક્ય તે બધાં જ વિષય-પાસાંઓના અનુલક્ષમાં મેં આ ખંડમાં પ્રસ્તુત વિષયની છણાવટ કરી છે. આ ખંડમાં મેં, એ ઉપરાંત, સર્જકતા, પ્રતિભા, કાવ્યોચિત રૂઢ પદાવલિ, પૂર્વપશ્ચિમની કલાભાવના, વાસ્તવિકતા, કવિતામાં અલંકારોનું સ્થાન, ધર્મ નીતિ સંસ્કૃતિ વગેરે સાથે કવિતાનો સંબંધ વગેરે બીજા કેટલાંક ઠાકોરનાં કવિતાવિષયક દૃષ્ટિબિંદુઓની પણ સમીક્ષા કરી છે. ટૂંકમાં, ઠાકોરના સૈદ્ધાંતિક વિવેચનાના સમગ્ર ક્ષેત્રને આવરી લેવાનો, આપણે ત્યાં કદાચ પહેલી વારનો ગણાય તેવો, પ્રયત્ન મેં આ પ્રકરણમાં કર્યો છે. પ્રકરણના છઠ્ઠા ખંડમાં મેં ઠાકોરની તમામ છંદોવિષયક વિચારણાની, તેમણે પ્રયોજેલા નવા છંદ:પ્રયોગોની તેમ જ ગદ્ય અને પદ્યના કાવ્યગત સ્થાન વિષેનાં તેમનાં મતવ્યોની – પાશ્ચાત્ય વિવેચકોએ એ બાબતમાં ઠાકોર પર પાડેલી અસરોનાં પૂરતાં નિર્દેશનો અને ચર્ચા સહિત – મીમાંસા કરી છે. આવી સર્વગ્રાહી મીમાંસા આપણે ત્યાં અહીં પહેલી વાર થયેલી છે. ઉપરાંત, ઠાકોરનાં અપ્રગટ "પિંગલપાઠ",

"પિંગલ મિતાક્ષરી" અને અન્ય એતદ્વિષયક ટાંચણોની આલોચનાત્મક માહિતી પણ અહીં પહેલી વાર રજૂ થઇ છે. આ ખંડમાં મેં ઠાકોરને પ્રથમ વાર પિંગલશાસ્ત્રી તરીકે મૂલવ્યા છે. પ્રકરણના સાતમા ખંડમાં મેં ઠાકોરની સૈદ્ધાન્તિક તથા આધિયોગિક વિવેચના-પદ્ધતિ અને સમીક્ષાદૃષ્ટિનું મૂલ્યાંકન કર્યું છે; ગુજરાતી સાહિત્ય વિષેનાં તેમ જ, સર્વસામાન્ય અર્થમાં, સાહિત્ય વિષેનાં ઠાકોરનાં વિશાળસમૃદ્ધ અભ્યાસચિંતનનું મૂલ્યાંકન પણ કર્યું છે. ઠાકોરનાં ભાષા-શાસ્ત્રવિષયક મંતવ્યોની ચર્ચા પણ આપણે ત્યાં કોઇએ નથી કરી; એ ચર્ચા મેં (તેમનાં અપ્રગટ એતદ્વિષયક ટાંચણોના નિર્દેશ સહિત) અહીં પહેલી વાર કરીને એમની ભાષાશાસ્ત્રના અભ્યાસી તરીકેની મૂલવણી કરી છે. આ પ્રકરણમાં મેં ઠાકોરનાં પ્રસિદ્ધ પુસ્તકો અને અન્યથા પ્રસિદ્ધ થયેલાં લખાણો ઉપરાંત કેટલેક સ્થળે તેમના અપ્રસિદ્ધ હસ્તલેખોનો પણ ઉપયોગ કર્યો છે.

<u>ત્રીજા પ્રકરણમાં</u> મેં ઠાકોરનાં ભિન્નભિન્ન પ્રકારનાં કાવ્યોની કાવ્યગુચ્છવાર આલોચના કરી છે. આપણા વિવેચકોએ ઠાકોરના અન્ય સાહિત્ય કરતાં તેમની કવિતાની ઘણા વધારે પ્રમાણમાં ચર્ચા કરી છે; છતાં, આ પ્રકરણમાં મેં પ્રસ્તુત વિષયને મારી રીતે ચર્ચીને તેમના વિવિધ કાવ્યવિષયોનો અને એ વિષયોને કાવ્યાત્મક રીતે આલેખવા માટે તેમણે પ્રયોજેલી પદ્ધતિઓનો, તેમનાં કાવ્યગત છંદો-વિધાન, ભાષાશૈલી, પ્રતીકપ્રતિકલ્પાદિ અભિવ્યક્તિસાધનો વગેરે સર્વ અભ્યાસાસ્પદ બાબતોનો અભ્યાસ રજૂ કર્યો છે. ઠાકોરનાં કવિતા-વિષયક કાવ્યોમાંનાં વિચારબિંદુઓનાં મૂલસ્થાનોને મેં તપાસ્યાં છે; ઘટનાત્મક કાવ્યોને કથાકાવ્યના સ્વરૂપની દૃષ્ટિએ ચકાસ્યાં છે; "પ્રેમનો દિવસ" અને "વિરહ"નાં કાવ્યોની પણ ભિન્ન રીતે સમીક્ષા કરી છે. આ પ્રકરણમાં મેં ઠાકોરની કાવ્યબાનીની આગળ

પડતી લાક્ષણિકતાઓની વ્યવસ્થિત રૂપે છણાવટ કરી છે અને ઠાકોરની પાઠસુધારણાપ્રવૃત્તિની વીગતે આલોચના કરી છે. આવી છણાવટ અને આલોચના અહીં પ્રથમવાર થઇ છે. "ગુરુજી" અને "નિરુત્તમા"ની આલોચના પણ મેં પ્રથમવાર કરી છે. ઠાકોરનાં કેટલાંક અનૂદિત કાવ્યોની અનુવાદ લેખે પણ મેં પ્રથમવાર વીગતે ચર્ચા કરી છે. મેં "આરોહણ"ની વર્ડ્ઝવર્થના "ટિન્ટર્ન એબી" સાથે તુલના કરી છે. ઠાકોરે એમની કવિતામાં કયે પ્રકારે "અર્થઘનતા" અને "વિચારપ્રધાનતા" આણી છે તથા તેમની "બળકટ ખડબચડ બાની"ની કહેવાતી વિશેષતા પાછળ તેમની કયી મર્યાદાઓ કારણભૂત બની રહેલી છે તેની પણ ચર્ચા મેં પ્રસંગોપાત્ત કેટલાંક કાવ્યોની સમીક્ષા વખતે કરી છે.

<u>ચોથા પ્રકરણમાં</u> મેં ઠાકોરની "અન્ય મૌલિક રચનાઓ"ની સમીક્ષા કરી છે. "લગ્નમાં બ્રહ્મચર્ય"ના કથાવસ્તુની મેં શામળ અને મેઘાણીની કૃતિઓમાંના સમાંતર કથાવસ્તુ સાથે પ્રથમવાર તુલના કરીને ઠાકોરે મૂળ કથાવસ્તુમાં કરેલા ફેરફારોની સમીક્ષા કરી છે, અને ઠાકોરની એ નાટ્યકૃતિનું નાટકના કલાસ્વરૂપની દ્રષ્ટિએ મૂલ્યાંકન કર્યું છે. "ઉગતી જુવાની"નું પણ મેં – આગળના વિવેચકોના એ કૃતિ વિષેના અભિપ્રાયોને ધ્યાનમાં લઇને યે – સ્વતંત્ર રૂપનું મૂલ્યાંકન કર્યું છે. આ નિમિત્તે મેં ઉક્ત કૃતિઓ વિષેનાં કર્તાનાં પોતાનાં મંતવ્યોને તથા નાટકના કલાસ્વરૂપ વિષેનાં તથા નાટકની ભજવણી વિષેનાં તેમનાં મંતવ્યોને પણ અહીં પ્રથમવાર ચર્ચ્યાં છે. "દર્શનિયું"ના અવલોકનમાં મેં ઠાકોરની નવલિકાઓની ચર્ચા કરીને, નવલિકાકાર તરીકેની તેમની કેટલીક મર્યાદાઓને પ્રથમ વાર બહાર આણી છે અને, વિશેષતઃ, રૂપકકથાના સ્વરૂપ પ્રત્યેના ઠાકોરના

આકર્ષણનો તથા એ અન્વયે સ્વપ્નઘટના કે Fantastic પ્રકારની ઘટનાઓના આલેખનના તેમણે લીધેલા આશ્રયનો તેમ જ એનાથી નવલિકાઓમાં નીપજેલાં સારાંમાઠાં પરિણામોનો આલોચનાત્મક અભ્યાસ પ્રથમવાર રજૂ કર્યો છે. "અંબાલાલભાઇ"ના અવલોકનમાં મેં જીવનચરિત્રાલેખનના બે પ્રકારો પાડીને, તે દૃષ્ટિએ, ઠાકોરે તેમની કૃતિમાં અખત્યાર કરેલી જીવનાલેખનની વિશિષ્ટ પધ્ધતિના ગુણદોષની તથા એ પધ્ધતિ પાછળનાં તેમનાં કારણોની છણાવટ સ્વતંત્ર રીતે કરી છે.

<u>પાંચમા પ્રકરણમાં</u> મેં ઠાકોરનાં સંપાદનોની ચર્ચા કરી છે. આ પ્રકરણમાં મેં "કાન્તમાલા"ના સંપાદનકાર્યમાં ઠાકોરે આપેલા ફાળાની તેમ જ સંપાદનગ્રંથ લેખે ઉક્ત ગ્રંથની સમીક્ષા કરી છે. "આપણી કવિતાસમૃધ્ધિ"ની વિવિધ આવૃત્તિઓની સંક્ષિપ્ત સમીક્ષાત્મક તુલના મેં પ્રથમવાર આ પ્રકરણમાં રજૂ કરી છે. ઉપરાંત, એક સંપાદનગ્રંથ લેખે ઉક્ત પુસ્તકની સમીક્ષા કરીને ઠાકોરનાં સંપાદક અને વિવરણકાર તરીકેનાં ધોરણો અને આશયોની તથા એ આશયો પરત્વે લે ઇટમાંથી તેમને મળેલી સંભવિત પ્રેરણાની પણ સ્વતંત્ર રીતે ચર્ચા કરી છે. "સાક્ષર-જીવન"ના અવલોકનમાં મેં ઉક્ત પુસ્તકમાં ઠાકોરે જોડેલાં "પ્રવેશક" અને "પરિશિષ્ટ"ની વિશેષતાઓ અને ઊણપોની સ્વતંત્ર રીતે ચર્ચા કરી છે. "સાક્ષરજીવન"ની સરખામણીએ "ઇંગ્રેજ લોકનો સંક્ષિપ્ત ઇતિહાસ"-માં ઠાકોરે અખત્યાર કરેલી અયોગ્ય સંપાદનપધ્ધતિની મેં મારી રીતે ટીકા કરીને એ પધ્ધતિ અખત્યાર કરવા પાછળનાં તેમનાં કારણોની પણ યોગ્યાયોગ્યતા તપાસી છે. પાંચમા પ્રકરણના ઉત્તર-ભાગમાં મેં ઠાકોરની મધ્યકાલીન સાહિત્યવિષયક સંપાદનપ્રવૃત્તિની તથા મધ્યકાલીન સાહિત્ય પ્રત્યેનાં તેમનાં વલણોની સમાલોચના કરી છે. એમાં મેં ઠાકોરની બે – અમલમાં નહીં મૂકી શકાયેલી – સંપાદન-

યોજનાઓની સવિસ્તર માહિતી પહેલી વાર રજૂ કરીને એ યોજનાઓ પાછળનાં તેમનાં આશયો અને ધોરણોની તથા એ યોજનાઓની નિષ્ફળતાની ચર્ચા કરી છે. ઠાકોરનાં સંપાદિત પુસ્તકોની ચર્ચાને અન્વયે મેં પ્રકરણના આ વિભાગમાં તેમના સંપાદનકાર્યની, તેમની સંપાદનપધ્ધતિની, તેમના સંપાદનકૌશલની, તેમનાં સંપાદનપધ્ધતિવિષયક, જોડણીવિષયક, લિપિવિષયક, પાઠાન્તરનોંધણીવિષયક તથા અન્ય કેટલાંક મંતવ્યોની પ્રથમવાર સમીક્ષા કરીને તેમની એક સંપાદક તરીકેની મૂલવણી કરી છે. (કાવ્યગત જોડણી વિષેના ઠાકોરના વિચારોની ચર્ચા મેં ત્રીજા પ્રકરણના "કાવ્યબાની"નામક ખંડમાં પણ કરી છે. ) "વિક્રમચરિત્ર-રાસ" માટે તેમણે લખેલા એક અપ્રગટ પરિશિષ્ટની માહિતી મેં પ્રથમવાર ત્યાં રજૂ કરી છે. તેમણે સંપાદિત કરીને પ્રગટ કરવા ધારેલી બે અન્ય કૃતિઓની પણ મેં ત્યાં સામાન્ય ટૂંક માહિતી આપી છે. તેમના અપ્રગટ પત્રોને આધારે મેં ગુજરાતના કેટલાક પ્રતિ-ષ્ઠિત સંપાદકો સાથેના તેમના કાર્યસહાયાર્થી સંબંધોનો તથા કેટલીક મધ્યકાલીન ગણાતી રચનાઓ વિષેના તેમના અભિપ્રાયોનો પ્રકરણને અંતે નિર્દેશ કર્યો છે.

છઠ્ઠા પ્રકરણના પ્રથમ ખંડમાં મેં, સંસ્કૃતમાંથી ઠાકોરે કરેલા તમામ પ્રગટઅપ્રગટ અનુવાદોની એક સાથે આલોચના કરી છે. આમાં શાકુંતલ અને માલવિકાગ્નિમિત્રના અનુવાદોની આલોચના માટે મેં એ પુસ્તકોના અન્ય તજ્જ્ઞ સમર્થ વિવેચકોના આધારો લીધા છે ; અને એમણે આપેલાં ધોરણોને નજરમાં રાખીને "વિક્રમોર્વશીય" વિષે મેં મારા અભિપ્રાયો ઉચ્ચાર્યા છે. કાલિદાસનાં નાટકોના અનુવાદમાં ઠાકોરે દાખવેલાં કૌશલ અને મર્યાદાઓનો સામટો ખ્યાલ આવી શકે એટલા માટે મેં એ ત્રણે પુસ્તકોની સાથે લગી આલોચના કરી છે.

માલવિકાગ્નિમિત્રની મનનિકાની ચર્ચામાંથી ઠાકોરનાં ત્રણ વલણો (પ્રતિષ્ઠિત મત પર પ્રહાર કરીને ચોંકાવનારાં વિધાનો કરવાં, પોતાની ઊણપોને નિયમવ્યાપ્તિઓ બાંધીને ઢાંકવી, ઇતિહાસની વીગતો વિષે શાસ્ત્રીય પ્રમાણો વિનાનાં કેવળ સાદૃશ્યમૂલક અનુમાનોને શાસ્ત્રીય નિર્ણયોની માફક રજૂ કરવાં, – એ ત્રણ વલણો) વિષેનાં તારણો મેં મારી મેળે તારવ્યાં છે. ઠાકોરનાં The text of Śakuntalā અને અન્ય એતદ્વિષયક લખાણોની પણ મેં અહીં વાત કરી છે. ઠાકોરના અપૂર્ણ ગીતાનુવાદ અને મેઘદૂતાનુવાદની ; એ અનુવાદો પાછળના તેમના આશયોની અને ગીતા માટે તેમણે લખવા ધારેલી મનનિકોના મુદ્દાઓની માહિતી મેં અહીં પહેલી વાર રજૂ કરીને એ કૃતિઓના ઉપલબ્ધ ભાગની સમીક્ષા પણ કરી છે. ઠાકોરનાં પ્રસિદ્ધ લખાણોમાં તથા એક અપ્રસિદ્ધ અપૂર્ણ લેખમાં અને બીજાં ટાંચણો-માંથી જાણવા મળતા તેમના ગીતાવિષયક ચિંતનનો પણ મેં અહીં ઇષત્ પરિચય કરાવ્યો છે. પ્રકરણના બીજા ખંડમાં મેં શંકરન્ અને એબરક્રોમ્બીનાં સાહિત્યમીમાંસાવિષયક પુસ્તકોની ઠાકોરે કરેલી "સારગ્રાહી વિવરણાત્મક અનુવાદ"કૃતિઓ કે અનુકૃતિઓની પ્રથમવાર માહિતી આપી છે ; એ કૃતિઓની, અનુકૃતિઓ લેખે, વિસ્તારથી આલોચના કરી છે. પૌરસ્ત્ય સાહિત્યમીમાંસામાંથી ઠાકોરે પોતાના વિચારપ્રધાનતાના કે અર્થઘનતાના વાદ માટે સૂચનસમર્થન મેળવ્યાં હોવાનો એક સંભવ પણ મેં પહેલી જ વાર અહીં રજૂ કર્યો છે. લોર્ડ સેમ્યુઅલકૃત "બીલીફ એન્ડ એક્શન"ના ઠાકોરે કરેલા અધૂરા અનુવાદનો પણ પ્રથમવાર મેં આ ખંડમાં પરિચય કરાવ્યો છે અને ઠાકોરે અખત્યાર કરેલી "સ્વતંત્ર કલમે" કે "ચાલતી કલમે" અનુવાદ કરવાની પદ્ધતિની પણ છણાવટ કરી છે. ઠાકોરની વિચારધારા પર અને તેમની કેટલીક કાવ્યકૃતિઓમાં લોર્ડ સેમ્યુઅલના વિચારોના પડેલા પ્રભાવનો નિર્દેશ પણ મેં કર્યો છે. પ્રકરણના ત્રીજા ખંડમાં મેં ઠાકોરના અપ્રગટ પત્રોમાંથી

કેટલાક નવા આધારો મેળવીને "ગોપીહૃદય"નું અનુકૃતિ લેખે અવલોકન કર્યું છે તથા અંબુભાઇ પુરાણીએ એ પુસ્તક માટે લખેલા પ્રવેશકમાં ચર્ચાયેલા કેટલાક મુદ્દાઓનો ઠાકોરે એ પત્રોમાં વાળેલો પ્રત્યુત્તર પણ પૂરતી વીગતોએ નોંધ્યો છે. "સોવિયેટ નવજુવાની"ના અવલોકનમાં મેં, એ પુસ્તકના અન્ય અવલોકનકારોના મત નોંધીને પણ, મારા કેટલાક અભિપ્રાયોને ઉચ્ચાર્યા છે. "દેશભક્તિનો વ્યોમકળશ" અને "રાહેલનો ગૃહત્યાગ"નું મેં સ્વતંત્ર રીતે અવલોકન કર્યું છે; આમાંનું બીજું નાટક અદ્યાપિ અપ્રસિધ્ધ છે; તે મેં ઠાકોરના હસ્તલેખોમાંથી મેળવ્યું હતું. આ પ્રકરણમાં મેં, પ્રસંગોપાત્ત, ઠાકોરનાં તમામ અનુવાદપ્રવૃત્તિ વિષયક મંતવ્યોની અને પોતાની અનુવાદકૃતિઓ તેમ જ અનુકૃતિઓમાં તેમણે અખત્યાર કરેલાં ધોરણોની અને આશયોની પણ પ્રથમવાર સમીક્ષા કરી છે. પ્રકરણને અંતે મેં એક અનુપૂર્તિમાં, ઠાકોરે યોજેલા નવા પર્યાયશબ્દોની ચર્ચા કરી છે; આવી જ ચર્ચા આ મહાનિબંધમાં અન્યત્ર પણ કેટલેક સ્થળે પ્રસંગોપાત્ત મેં કરી છે. ઠાકોરે યોજેલા નવા પારિભાષિક કે અન્ય પ્રકારના શબ્દોની આવી ચર્ચા બીજા કોઇએ હજી કરી નથી.

ઠાકોરે તેમના સુદીર્ઘ જીવનકાળ દરમિયાન કરેલી વિશાળ સાહિત્યસેવાનાં અને તેમના જીવન અને વ્યક્તિત્વનાં વિવિધ પાસાંનો આ મહાનિબંધમાં અભ્યાસ રજૂ કરવાને નિમિત્તે મેં મ. સ. વિશ્વવિદ્યાલય પાસેના તેમના પત્રો, ડાયરીઓ અને હસ્તલેખોના સંચયનો યથાસંભવ ઉપયોગ કર્યો છે; અને એ રીતે એ પત્રો તથા ડાયરીઓ દ્વારા ઠાકોરના જીવન અને સાહિત્યનો અભ્યાસ રજૂ કરવાની તક મને એ સંગ્રહ દ્વારા ગુજરાતમાં પ્રથમવાર મળી છે.

હર્ષદ મ. ત્રિવેદી
૧૪:૬:૬૫

---ooo---